-૧૧૭
-૨૧-

સને ૨૦૧૫-૧૬ ચાલુ બાબત ''સ્ટેટ પોલીસ કમ્પલેઇન્ટસ ઓથોરીટી'' માટે જગ્યાઓ ઉભી કરવા બાબત. (નવી સેવા)

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક: એનપીસી-૧૦૨૦૦૭-૧૧૪૧-II(પાર્ટ-૨)વ
સચિવાલય,ગાંધીનગર
તારીખ:- ૨૨/૦૪/૨૦૧૫

વંચાણે લીધા:-

(૧) ગૃહ વિભાગના તા.૩૧/૦૭/૨૦૧૩ના ઠરાવ ક્રમાંક: એનપીસી-૧૦૨૦૦૭-૧૧૪૧(પાર્ટ-૨)વ

(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીનો તા.૨૦/૧૧/૨૦૧૪નો પત્ર ક્રમાક:ઇ/૧૫૩૬/નવી સેવા/૨૦૧૫-૧૬/૨૪૭૪/૨૦૧૪

(૩) વર્ષ ૨૦૧૫-૧૬ ના અંદાજપત્ર પ્રકાશન નં. ૧૨ પાના નં.૨૮

પ્રસ્તાવના :-

નામદાર સુપ્રિમ કોર્ટના રીટ પીટીશન ૩૧૦/૧૯૯૬ ના ચુકાદામાં આપેલ નિદેશોના પાલન અન્વયે રાજય સરકાર ધ્વારા સંદર્ભ ક્રમાંક:૧ આગળ દર્શાવેલ તા.૩૧/૭/૨૦૧૩ ના ઠરાવથી સ્ટેટ પોલીસ કમ્પલેઇન્ટસ ઓથોરીટીની રચના કરવામાં આવી છે. પોલીસ કમ્પલેઇન્ટસ ઓથોરીટી ખાતે વિવિધ સંવર્ગની નવી જગ્યાઓ ઉભી કરવા તથા ફર્નિચર સાધન સામગ્રી તથા વાહન ભાડે લેવા માટે વર્ષ ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં નવી સેવા તરીકે રૂપિયા ૪.૦૦ લાખ (અંકે રૂપિયા ચાર લાખ પુરા) ની અંદાજપત્રમાં જોગવાઇ કરવા પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજય ગાંધીનગરની કચેરીએ આમુખ ક્રમાક: (૨) માં નિર્દેષ્ટ પત્રથી સરકારશ્રીને દરખાસ્ત કરેલ હતી.

૨ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય ગાંધીનગરની કચેરીની ઉકત દરખાસ્ત અન્વયે વર્ષ-૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં કચેરી વ્યવસ્થાપન ખર્ચ માટે રૂ. ૨,૫૦,૦૦૦/-(અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા), જુનીયર કારકુન વર્ગ-૩ની જગ્યા માટેના પગારના ખર્ચ માટે રૂ.૯૦,૦૦૦/-(અંકે રૂપિયા નેવુ હજાર ), તથા પટાવાળા વર્ગ-૪ની જગ્યા આઉટસોર્સીગથી ભરવાની શરતે અને કચેરીના ફર્નિચરના ખર્ચ માટે રૂ.૬૦,૦૦૦/-(અંકે રૂપિયા સાંઇઠ હજાર પુરા) મળી કુલ રૂ.૪.૦૦ લાખ (ચાર લાખ પુરા) નવી સેવા હેઠળ અંદાજપત્રીય જોગવાઇ કરવાની વહીવટી મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે ઉકત હેતુઓ માટે વર્ષ ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં રૂ.૪.૦૦ લાખ (ચાર લાખ પુરા) નવી સેવા હેઠળ અંદાજપત્રીય જોગવાઇને આથી નીચે મુજબની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

3. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. વર્ગ-3 ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા. ૪/૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

૮. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી વિભાગની રહેશે.

૯. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાંવિભાગનાતા.૧૮/3/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦03/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા. ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે

૧૦. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

૧૧. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

૧૨. કોમપ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમપ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૧૩. રાજય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૪. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

૧૫. કચેરી વ્યવસ્થાપનની કામગીરી સા.વ.વિ.ના તા. ૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઇ અનુસાર આઉટ સોર્સથી કરવાની રહેશે.

૧૬. ફર્નિચરની ખરીદી માટે સરકારશ્રીની પ્રર્વતમાન ખરીદી નીતિને અનુલક્ષીને કરકસરયુંકત રીતે કરવાની રહેશે ફનિર્ચરના ખર્ચ માટે ફાળવેલ રૂ.૬૦,૦૦૦/- માંથી સોફાસેટ નંગ-૦૧ ટેબલ નંગ-૦૧ તથા ખુરશી નંગ ૦૬ ખરીદ કરવાની રહેશે.

આ બાબતેનો ખર્ચ બજેટ સદર ૪૩-૨૦૫૫-૦૦૧-03 " સ્ટેટ પોલીસ કમ્પલેઇન્ટસ ઓથોરીટીના વ્યવસ્થાપન અંગે" હેઠળ ઉધારવાનો રહેશે અને ચાલુ વર્ષ ૨૦૧૫-૧૬માં કરવામાં આવેલ અંદાજપત્રીય જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અધિક મુખ્ય સચિવશ્રી નાણા વિભાગની તા.૧૩/૪/૧૫ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

22 APR 2015

(ડી.આર.ભમ્મર )
ઉપ.સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગસચિવશ્રી,માન.રા.ક.મંત્રીશ્રી (ગૃહ)નું કાર્યાલય,સચિવાલય,ગાંધીનગર
- અગ સચિવશ્રી(ક.ગ)સામાન્ય વહિવટ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
  પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગર
- ચેરમેનશ્રી,સ્ટેટ પોલીસ કમ્પલેઇન્ટસ ઓથોરીટી,બ્લોક નં.૧૯/૩ માળે,જુના સચિવાલય,ગાંધીનગર
- શ્રી મનોજ સોની,સભ્ય સચિવશ્રી, સ્ટેટ પોલીસ કમ્પલેઇન્ટસ ઓથોરીટી,બ્લોક નં.૧૯/૩ માળે, જુના સચિવાલય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (વહીવટ તપાસ ), ગુજરાત રાજય ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (કા.વ્ય ), ગુજરાત રાજય ગાંધીનગર
- સંયુક્ત સચિવશ્રી (ક.ગ)સામાન્ય વહિવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર(ગ-ર સેલ શાખા)
- નાણા સલાહકારશ્રી (ગૃહ)નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી(મહેકમ) સામાન્ય વહિવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- ઉપસચિવશ્રી (ફરિયાદ) ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- નાણા વિભાગ/ઝ.૧-શાખા,સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય,રાજકોટ/અમદાવાદ
- સેકશન અધિકારીશ્રી,બજેટ-શાખા,ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી,માનવ અધિકાર શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ.
- પસંદગી ફાઈલ